eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 271
May 13, 2011



## સાયન્સ સેન્ટર, સુરત ખાતે સમરકેમ્પની પૂર્ણાહુતિ

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર, સુરતને એક વર્ષ પુરુ થયું હોય તેમજ સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી સમાપન અંતર્ગત તા. ૧ લી મે થી ૬ ઠ્ઠી મે દરમ્યાન ઉંમર ૭ થી ૧૨ વર્ષ અને ઉંમર ૧૩ થી ૧૭ વર્ષની વયના બાળકો માટે બે ગ્રૃપમાં સમરકેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું ...

વધુ માટે ક્લીક કરો >>>>>>

## માહે એપ્રિલ ૨૦૧૧–૧૨ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં એપ્રિલ માસ દરમ્યાન ૩૭૫૧ ઈન્ડોર તથા ૩૭૨૨૬ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૩૧૭ તથા ૪૮૯ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ...

વધુ માટે ક્લીક કરો >>>>>>

# સાયન્સ સેન્ટર, સુરત ખાતે સમરકેમ્પની પૂર્ણાહુતિ







સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર, સુરતને એક વર્ષ પુરુ થયું હોય તેમજ સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી સમાપન અંતર્ગત તા. ૧ લી મે થી ૬ ઠ્ઠી મે દરમ્યાન ઉંમર ૭ થી ૧૨ વર્ષ અને ઉંમર ૧૩ થી ૧૭ વર્ષની વયના બાળકો માટે બે ગ્રૃપમાં સમરકેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭ થી ૧૨ વર્ષની વય ગ્રૃપનાં બાળકો ડ્રોઈંગ, કલે મોડેલીંગ, વેસ્ટમાંથી બેસ્ટ, ફેન્સી એન્વેલેપ મેઈકીંગ, પોટ ડેકોરેશન તેમજ જનરલ નોલેજ જેવા વિષયોની એકટીવીટી અને ૧૩ થી ૧૭ વર્ષની વય ગ્રૃપનાં બાળકોને ડ્રોઈંગ, ક્રાફટ, હોબી, એસ્ટ્રોનોમી અંતર્ગત નો યોર પ્લેનેટસ, નો યોર ઝોડીયાક, ફેસીસ ઓફ મુન, સીઝન્સ, નાઈટ સ્કાય ઓબ્ઝર્વેશનમાં રાત્રે આકાશમાં શનિ ગ્રહ દર્શન, સાયન્સ એકટીવીટી અંતર્ગત કેલીડોસ્કોપ અને રોકેટ મોડેલ મેઈકીંગ તેમજ તેનું લોન્ચીંગ કરાવવામાં આવ્યું હતું. તે ઉપરાંત સાયન્ટીફીક સાધનોની સમજ સાથે વિજ્ઞાનના જુદા જુદા નિયમોનું નિદર્શન કરાવવામાં આવ્યુ હતું. આ સમરકેમ્પમાં બાળકોની એકટીવીટી માટે શહેરના નિષ્ણાંતોનો લાભ લેવામાં આવ્યો હતો, જેમાં ડ્રોઈંગ માટે શ્રી જશવંતભાઈ નથ્થુકારાવાલા, ક્રાફટ અને કલે મોડલીંગ માટે શ્રી છાયાબેન કંસારીવાળા અને શ્રી રીટાબેન રાઠોડ, ફીલાટેલી અને હોબી માટે શ્રી હિરેનભાઈ ઝવેરી તેમજ સાયન્સ સેન્ટરના સ્ટાફ ધ્વારા બાળકોને ટ્રેનિંગ આપવામાં આવી હતી. સમરકેમ્પમાં ભાગ લેનાર તમામ બાળકોને સાયન્સ સેન્ટરની મુલાકાત કરાવવામાં આવી હતી.



તા.૬–૫–૨૦૧૧ ના રોજ બપોરે ૧૨ કલાકે સમરકેમ્પની પુર્ણાહુતિ પ્રસંગે ૬ દિવસ દરમ્યાન બાળકો ધ્વારા તૈયાર કરવામાં આવેલા વિવિધ કલાત્મક નમુનાઓ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા તેમજ આ પ્રસંગે સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા મા. શ્રીમતી ગીતાબેન પટેલના વરદહસ્તે બાળકોને પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. સમરકેમ્પની પુર્ણાહુતિ પ્રસંગે બાળકોના વાલીઓએ પ્રદર્શન નિહાળ્યું હતું તેમજ ઉત્સાહભેર તેમના અભિપ્રાયો અને સુચનો આપ્યાં હતા.

TOP

## માહે એપ્રિલ ૨૦૧૧–૧૨ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં એપ્રિલ માસ દરમ્યાન ૩૭૫૧ ઈન્ડોર તથા ૩૭૨૨૬ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૩૧૭ તથા ૪૮૯ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૬૯૨૦ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૫૬૮ અને જુના ૮૮૮ દર્દીઓ સહીત કુલ ૧૪૫૬ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૫૪૪ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૨૬૯ તથા આંખ વિભાગમાં ૨૨૨૪ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૩૦૯૦ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકો આરોગયલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP